ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૧૯ ટકા

# તંત્રના વાંકે સેકટરના દવાખાનાઓ બંધ થવાના આરે

## તબીબ સહિતના સ્ટાફને વારંવાર સિવિલ હોસ્પિટલ અને અન્ય સ્થળોએ ફરજ સોંપાતા સેકટરના દવાખાનાઓમાં સ્ટાફ હાજર રહી શકતો નથી

ગાંધીનગર, તા.૧૬
દર્દીઓને ઘર આંગણે જ તબીબી સારવાર મળી રહે તે માટે વર્ષો અગાઉ સેકટરોમાં શરૂ કરાયેલા દવાખાનાઓ હવે જાણે બંધ થવાના આરે છે. સેકટરના દવાખાનાઓમાં ફરજ બજાવતા તબીબ સહિતના સ્ટાફને વારંવાર સિવિલ હોસ્પિટલ સહિત અન્ય સ્થળોએ ફરજ સોંપી દેવાતા સેકટરના દવાખાનાઓમાં સ્ટાફ હાજર રહી શકતો નથી. પરિણામે અહીં દર્દીઓ ઓછા થઈ રહ્યા છે તો સામે પક્ષે સિવિલમાં દર્દીઓનું ભારણ વધતું જાય છે.

પાટનગરની સ્થાપનાના શરૂઆતના વર્ષોમાં જુના સેકટરો સહિત કેટલાક સ્થળોએ સરકારી દવાખાનાઓ શરૂ કરાયા હતા. દર્દીઓને ઘર આંગણે જ તબીબી સારવાર મળી રહે તે હેતુથી શરૂ કરાયેલા આ દવાખાનાઓ દર્દીઓ માટે આશીર્વાદરૂપ હતા. બાળકો, સ્ત્રીઓ અને વડીલોને નજીકમાં જ નાની-મોટી બિમારીઓમાં સારવાર મળી રહેતી હતી. સારવારની સાથે સાથે જનજાગૃતિના કાર્યક્રમો થકી આ દવાખાનાઓએ સારી એવી નામના મેળવી હતી.

જો કે છેલ્લા એકાદ-દોઢ દાયકાથી આ દવાખાનાઓ જાણે મૃતઃપ્રાય સ્થિતિમાં આવી ગયા છે. દિનપ્રતિદિન અહીં દર્દીઓની સંખ્યા ઘટી રહી છે. તપાસ કરતા જાણવા મળ્યું છે કે દર્દીઓની સંખ્યા ધીમે ધીમે ઘટી રહી છે અને તેમને મળતી સુવિધાઓ પણ ઘટી રહી છે તેની પાછળ સરકારી તંત્ર જ જવાબદાર છે.

સેકટરના દવાખાનાઓમાં ફરજ બજાવતા તબીબ સહિતના સ્ટાફને વારંવાર સિવિલ હોસ્પિટલમાં ડયુટી સોંપી દેવાય છે. સિવિલ હોસ્પિટલમાં પુરતો સ્ટાફ હોવા છતાં સેકટરના દવાખાનાઓના સ્ટાફને ફરજ સોંપાતા તેઓ સેકટરના દવાખાનાઓમાં વારંવાર ગેરહાજર રહે છે. અઠવાડિયામાં બે ત્રણ વાર આવી રીતે તબીબો હાજર રહી શકતા ના હોવાથી દર્દી અહીં આવવાનું ટાળે છે. તેઓ સારવાર માટે કાં તો સિવિલ હોસ્પિટલ પહોંચે છે અથવા મજબુરીમાં ખાનગી તબીબ પાસે દવા કરાવડાવે છે. સિવિલ હોસ્પિટલમાં નાઈટ સહિતની ડયુટી ઉપરાંત વીઆઈપી ડયુટીમાં પણ તેઓને મોકલી દેવાતા કયારેક એવું બને છે કે મહિનામાં દસેક દિવસ તબીબો સેકટરના દવાખાનાઓમાં ઉપલબ્ધ રહેતા નથી. ધીમે ધીમે અહીં દર્દીઓ આવવાના સાવ ઓછા થઈ ગયા છે તો તેની સામે સિવિલમાં દર્દીઓનો ધસારો વધ્યો છે.

જો સેકટરના દવાખાનાઓના સ્ટાફને અન્ય ડયુટીમાંથી મુકિત આપવામાં આવેતો તેઓ પોતાની ફરજ પર સતત હાજર રહી શકશે. જેના પરિણામે સેકટરના દવાખાનાઓ પુનઃ દર્દીઓથી ધમધમતા બની શકે છે અને દર્દીઓને નાની મોટી બિમારીમાં છેક સિવિલ સુધી લાંબા નહીં થવું પડે.




ગાંધીનગરના સેકટર-૩-ન્યુ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ નિમિત્તે રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા આયોજિત અને જિલ્લા રમતગમત અધિકારી દ્વારા સંચાલિત લોકડાયરો યોજાયો હતો. આ ડાયરામાં જાણીતા કથાકાર સતીષભાઈ ભટ્ટ અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. લોકડાયરામાં લોકગાયક રાજતરંગ રાજુભાઈ શ્રીમાળી, ભજન સમ્રાટ ચંદ્રકાન્તભાઈ પંડયા, ભજનિક લોકગાયિકા સંધ્યાબેન પ્રજાપતિ તથા કલાવૃંદે શ્રોતાઓને ધાર્મિક ભજનોની રમઝટનો આનંદ કરાવ્યો હતો.

## ખોરજાપરા ગામે દેશી દારૂના જથ્થા સાથે મહિલા બુટલેગરની અટકાયત

ગાંધીનગર, તા.૧૬
કલોલના ખોરજાપરા ગામે દેશી દારૂનો વેપાર કરતી મહિલા બુટલેગરની ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીના આધારે દરોડો પાડી ધરપકડ કરી હતી. પોલિસની ટીમે ૧૫ જેટલા કેરબા ભરેલ ૫૨૫ લીટર દેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો અને મહિલા વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સૂચનાએ લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. જે.ડી. પુરોહિત તથા ટી.આર. ભટ્ટની ટીમો દેશી-વિદેશી દારૂના વેચાણ અને હેરાફેરી અટકાવવા માટે કામ કરી રહી છે આ દરમિયાન ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચના પોલીસ કર્મી યજવેન્દ્રસિંહ, વિપુલકુમાર, જયપાલસિંહ તથા રાજેન્દ્રસિંહ કલોલ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. ટીમને ખાનગી બાતમી મળી હતી કે કલોલના ખોરજાપરા ગામે ખુલ્લે આમ દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે અને ધૂમ દેશી દારૂનું વેચાણ થઈ રહ્યું છે.

બાતમીના આધારે પોલીસ ટીમે બાતમી સ્થળે એક મકાનમાં દરોડો પાડી ૫૨૫ લીટર દેશી દારૂ ભરેલા ૧૫ કેરબા જપ્ત કર્યા હતા. પોલીસે મહિલા બુટલેગરની ધરપકડ કરી કુલ રૂ. ૧૦૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને આરોપી મહિલા બુટલેગર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પરિવારજનો અગાસીમાં સુતા રહ્યા અને તસ્કરો રૂપિયા ૧.૬૦ લાખનો મુદ્દામાલ લઈ પલાયન

ગાંધીનગર, તા.૧૬
શહેરના સેકટર-૩માં ખાનગી રહેણાંક મકાનમાં ગત રોજ પરિવાર જમી પરવારી ઉનાળાની મોસમને લઈ મકાનના ઉપરના માળે સુવા ગયું હતું અને તસ્કરો નીચેના મુખ્ય દરવાજાનું તાળુ તોડી ઘરમાંથી રૂ. ૧.૬૦ લાખના દરદાગીના અને રોકડ લઈ પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે મકાન માલિકે સેકટર-૭ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલિસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર શહેરના સેકટર-૩-સી પ્લોટ નં. ૧૪૩૮/૧માં કૃણાલ ઈલેશકુમાર શ્રીમાળી પોતાના પરિવાર સાથે રહે છે અને કુડાસણ સ્થિત ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગત રોજ કૃણાલ નોકરી પતાવી ઘરે આવ્યા હતા. જમી પરવારી રાત્રે પોતાના જ મકાનમાં નીચે તાળુ મારી ઉપરના માળે પરિવાર સાથે સુવા ગયા હતા. દરમિયાન મોડી રાત્રે કેટલાક તસ્કરોએ નીચેના બંધ રૂમનો લાભ લઈ મકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને તિજોરી, કબાટ અને ડ્રોવરમાં રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂ. ૧.૬૦ લાખનો મુદ્દામાલ લઈ પલાયન થઈ ગયા હતા. તસ્કરો ઉપરના માળ પર મુખ્ય દરવાજાની સ્ટોપર મારી ભાગી ગયા હતા.

વહેલી સવારે ઉપર સુઈ રહેલા પરિવારજનોએ ઉઠીને નીચે આવવાનો પ્રયત્ન કર્યો પરંતુ બહારથી સ્ટોપર જ બંધ હતી આથી ગેલેરીમાં આવી પડોશીને સ્ટોપર ખોલવાનું કીધું હતું. પરિવારના સભ્યોએ નીચે આવીને જોતા તિજોરી, કબાટ અને જુદા જુદા ડ્રોવર ખુલ્લા પડયા હતા અને આખા ઘરનો સામાન વેરવિખેર પડયો હતો. જેથી ઘરમાં ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. આથી કૃણાલ શ્રીમાળીએ સે-૭ પોલિસમાં ફરિયાદ નોંધાવી હતી. સે-૭ પોલિસે આ મામલે ચોરીનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાતવાતમાં

● સ્વર્ણિમ સંકુલ ખાતે ગુજરાત પોલીસ દ્વારા 'પોકેટ કોપ' મોબાઈલ એપ લોન્ચ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્યમંત્રી, ગૃહ રાજયમંત્રી સહિત રાજયના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં થોડાક મોડા પહોંચેલા એક મહિલા પત્રકાર હૉલ ખીચોખીચ હોવાથી કયાં બેસવું તેની અવઢવમાં હતા તે સ્ટેજ પરથી જોઈ ગયેલા રાજયના પોલીસ વડા શિવાનંદ ઝાએ તુરંત સ્ટેજ પરથી ઉભા થઈ નજીકમાં ઉભેલા પોલીસ અધિકારીને કાનમાં સૂચના આપી સામે બેઠેલા એક પોલીસ અધિકારીની બેઠક ખાલી કરાવી મહિલા પત્રકારને સ્થાન અપાવ્યું હતું.

● શહેરની મધ્યમાં ઘ-૪ સર્કલ પાસે રાત્રિના સમયે શહેરના પરિવારો 'ફ્રેશ' થવા મોટી સંખ્યામાં આવી રહ્યા છે. આ સમયે પરિવારોને ઘ-૪ સર્કલના લોકપ્રિય ફુવારા અત્યારે બંધ રહેતા હોવાથી તેની ખોટ સાલે છે.

● શહેરમાં ઉનાળાની ઋતુના પગલે શેરડીના રસના કોલા જોવા મળી રહ્યા છે તે સાથે આ વર્ષે હરતા ફરતા ચાર પૈડાંવાળા ડીઝલ એન્જિનથી ચાલતા શેરડીના રસના મશીનવાળા કોલાએ પણ આકર્ષણ જમાવ્યું છે. આ હરતા ફરતા કોલા સોસાયટીઓમાં જઈને અન્ય ફેરિયાઓની જેમ તેમનો વેપાર કરી રહ્યા છે.

## ઉનાળા વેકેશનને પગલે ટ્રાવેલ્સ સંચાલકોના ભાડામાં વધારો

### સામાન્ય દિવસો કરતા ટ્રાવેલ્સ સંચાલકોએ રૂ.૨૦૦ થી ૩૦૦ જેટલો ભાવ વધારો કરી દીધો

ગાંધીનગર, તા.૧૬
વિદ્યાર્થીઓની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે. નાના બાળકથી લઈને કોલેજીયન યુવાનો હાલ વેકેશનના મુડમાં જણાય છે. કોઈએ પરિવારજનો સાથે તો કોઈ મિત્રો સાથે ફરવા જવાના મુડમાં છે. ત્યારે એસટી બસથી માંડીને રેલ્વે તેમજ ખાનગી બસોમાં પણ પ્રવાસીઓની લાંબી લાઈન લાગી છે. જેને પગલે સામાન્ય દિવસો કરતા ટ્રાવેલ્સ સંચાલકોએ રૂ.૨૦૦થી ૩૦૦ જેટલો ભાવ વધારો કરી દીધો છે. જયારે મુસાફરોને પણ કચવાતા મને ના છુટકે જવાનું હોવાથી આ અસહ્ય ભાવ વધારો આપવો પડે છે.

સમગ્ર રાજયમાં પરીક્ષાનો માહોલ પૂર્ણ થતા જ વેકેશનનો માહોલ બરાબરનો જામ્યો છે. વર્ષ દરમિયાન અભ્યાસકીય પ્રવૃતિ બાદ વિદ્યાર્થીઓ તેમજ પરિવારના સભ્યો વેકેશનની મોજ માણવા વિવિધ ફરવા-જોવા અને માણવા લાયક સ્થળોની પસંદગી કરતા હોય છે. ત્યારે ગુજરાતના ફરવા લાયક સ્થળોની સાથે સાથે અન્ય રાજયોના પણ પ્રવાસન સ્થળે જવા માટે મુસાફરોનો ધસારો રહેલો છે. જેમાં અમદાવાદ રેલ્વસ્ટેશન ખાતે પણ હાલના સમયે ટીકીટ માટે કિલોમીટર સુધી લાંબી લાઈનો લાગી છે અને કલાકો સુધી મુસાફરોને ઉભા રહેવાનો વારો આવ્યો છે. તો બીજીતરફ એસટી બસો પણ મુસાફરોથી ખીચોખીચ ભરેલી જોવા મળી રહી છે. હવાઈ મુસાફરીથી લઈને ટ્રાવેલ્સની બસોમાં પણ વેઈટીંગ ચાલી રહ્યા છે ત્યારે ટ્રેન અને સરકારી બસથી કંટાળેલા મુસાફરો ખાનગી ટ્રાવેલ્સમાં મુસાફરીનો આગ્રહ રાખી રહ્યા છે.જેથી વેકેશનના માહોલને પારખી ગયેલા ટ્રાવેલ્સ સંચાલકોએ પોતાના ભાવમાં રૂ.૨૦૦ થી ૪૦૦ વધારો ઝીંકી દીધો છે. ત્યારે મુસાફરી માટે ઉનાળાની કાળઝાળ ગરમી હોવા છતા મુસાફરોનો ધસારો રહેલો છે. જયારે સામાન્ય દિવસોમાં કરતા ટીકીટનો વધુ ભાવ હોવા છતા મુસાફરોએ ટાઈમટેબલ ગોઠવેલુ હોવાથી ના છુટકે કચવાતા મને પણ વધુ રૂપીયા આપીને ટીકીટ ખરીદવાનો વારો આવ્યો છે.

## જરૂરિયાતમંદ વર્ગની શ્રમજીવી મહિલાઓને દ્વારકેશ રસિડેન્સી દ્વારા પગરખાં વિતરણ

ગાંધીનગર, તા.૧૬
ગાંધીનગરના વાવોલ ખાતેની દ્વારકેશ રસિડેન્સીની મહિલાઓએ ઉનાળાની કાળઝાળ ગરમીમાં જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવીઓને રવિવારે પગરખાં વિતરણ કર્યું હતું. આ સાથે તેમણે શ્રમજીવી પરિવારના બાળકોને નાસ્તો પણ વહેંચ્યો હતો.



વાવોલ ખાતે સ્થિત દ્વારકેશ રસિડેન્સી સોસાયટીમાં મહિલાઓ દ્વારા દર મહિને રૂ.૧૦ ઉઘરાવીને તેને સદકાર્ય માટે વાપરવામાં આવે છે. આ સદકાર્યોમાં ગરીબોને ભોજન, નાસ્તો, છાશ-દૂધ વિતરણ, મિઠાઈ વિતરણ જેવા સમયાનુસાર કાર્યો હાથ ધરવામાં આવે છે. દર માસે હાથ ધરવાના સદકાર્યનું સમગ્ર વર્ષનું કેલેન્ડર પણ અગાઉથી નક્કી કરેલું હોય છે. આ મુજબ ઉનાળાની ઋતુમાં સૂર્યના તાપથી ધમધખતી ધરા પર આર્થિક રીતે નબળા વર્ગના જે શ્રમજીવીઓને પગરખાં ખરીદી નહી શકવાને કારણે ખુલ્લા પગે ચાલવું પડે છે તેમને પગરખાં વિતરણ કરવામાં આવે છે. આ અંતર્ગત ગઈ કાલે રવિવારના દિવસે દ્વારકેશ રેસીડેન્સીની મહિલાઓ દ્વારા ચપ્પલ વિતરણનું સદકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જે મુજબ સે-૪ ને સે-૧૬ની ઝુંપડપટ્ટીઓમાં ૫૦ શ્રમજીવી મહિલાઓને પગરખાં ભેટ આપવામાં આવ્યા હતા. વળી, આ પ્રસંગે ઝુંપડપટ્ટીના બાળકોને નાસ્તાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગરવાસીઓને પાણી કરકસરથી વાપરવા પ્રબુધ્ધ નાગરિકોની અપીલ

ગાંધીનગર, તા.૧૬
કોઈ પણ કારણ હોય પરંતુ સમગ્ર ભારતમાં સેટેલાઈટ ડેટા પ્રમાણે પાણીની અછત સર્જાશે તેમજ સમગ્ર ગુજરાતમાં ઉનાળામાં પાણીની તીવ્ર તંગી વર્તાઈ રહી છે.

પરંતુ ગાંધીનગરવાસીઓને આની કલ્પના પણ નથી. જાણે નર્મદાના નીર અને બોરના પાણીની અછત જ ના હોય તેમ કેટલાક શહેરીજનો પાણીનો બેફામ વ્યય કરી રહ્યા છે. સેકટરોમાં અધિકારીઓ કે નગરસેવકો રાઉન્ડ લેતા નથી. પરિણામે મોટા ભાગના ઘરો-કમ્પાઉન્ડ-બગીચામાં પાણીની પાઈપલાઈન છુટી મુકી દીધેલી હોય છે. કેટલાક લોકો પાકી દિવાલો ધોતા હોય છે. ગાંધીનગરના શિક્ષિત સમજુ નાગરિકો હોવા છતાં આવી દશા છે. દરરોજ તીવ્ર પાણીની તંગીના સમાચારો જોવા જાણવા મળે છે પરંતુ સહેલાઈથી પાણી મળતા જાણે કોઈ કિંમત જ નથી. આ સમગ્ર ગાંધીનગરની સ્થિતિ છે. ઘણી જગ્યાએ ભાડુઆતની બેદરકારીથી પાણીના નળ ખુલ્લા રહે છે.

ગાંધીનગરવાસીઓને વર્ષોથી સહેલાઈથી સહજ રીતે ઘણી બધી સગવડો મળી છે તેથી પાણીની અછત શું છે તે ખબર નથી. ગાંધીનગરમાં દરેક મકાનમાં પાણીના મીટર મુકવામાં આવે તો પાણીની બચત થાય તેમ છે. ગાંધીનગરના અગ્રણીઓ ધોમધખતા તાપમાં આંદોલન કરી નર્મદાના નીર ગાંધીનગરમાં લાવ્યા હતા તે આમ વેડફાટ કરવા નહિ. આથી શહેરીજનોને કરકસર કરી પાણીનો વ્યય નહીં કરવા પ્રબુધ્ધ નાગરિકો તેમજ ગાંધીનગર શહેરીજન સંસ્થાના પ્રમુખ જે.જી. ભટ્ટે નમ્ર વિનંતી કરી છે.

# શહેરી બસ સેવા મથકે મુસાફરો માટે અદ્યતન બસ સ્ટેન્ડ તૈયાર થશે

## મનપા દ્વારા લાખોના ખર્ચે તૈયાર થનાર બસ સ્ટેન્ડમાં મુસાફરો માટે બાંકડા, પંખા, વોટર કુલર, હાઈમાસ્ક ટાવર સહિતની સુવિધા

ગાંધીનગર, તા.૧૬
ગાંધીનગર મહાનગર પાલિકાના તંત્ર દ્વારા શહેરના નાગરીકો માટે શહેરી બસ સેવા શરુ કરવામાં આવી છે. શહેરના વિવિધ સેકટર્સ અને આસપાસના મોટા ગામડાઓમાં બસો દોડી રહી છે. શહેરમાં રોજ બરોજ આવન જાવન કરતા મુસાફરો માટે આ બસ સેવા આશિર્વાદરુપ સમાન સાબિત થઈ રહી છે. શહેરી બસ સેવાના વડા મથક ઘ-૩ પાસે મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.મુસાફરો બહાર તડકામાં શેકાઈ સતત ઉભા રહેવાનો વારો આવે છે. ત્યારે મહાનગર પાલિકા તંત્ર દ્વારા મુસાફરો માટે લાખો રૂપીયાના ખર્ચે બેઠક વ્યવસ્થા સાથેનું સુવિધાયુકત બસ સ્ટેન્ડ નિર્માણ પામી રહ્યું છે. જેથી હવે મુસાફરોને ત્રણેય સિઝનમાં બસ સ્ટેન્ડ પર બેસવામાં હેરાનગતિ ભોગવવી નહી પડે.

શહેરના નગરજનો માટે ગાંધીનગર મહાનગર પાલિકા તંત્ર દ્વારા શહેરી બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં વીટકોસ શહેરી બસ સેવાનું સંચાલન કરતી હતી. શહેરી અને ગ્રામ્ય વિસ્તાર ઉપરાંત સેકટરના આંતરીક માર્ગો પર બસો દોડતી હતી. જેથી સેકટરના નાગરીકોને સે-૨૧, સે-૨૪ અને સે-૭ માં કોઈ પણ ચીજવસ્તુની ખરીદી કરવી હોય તો ઘરની નજીકથી શહેરી બસ સેવા સરળતાથી મળી રહેતી હતી. પરંતુ અનિવાર્ય સંજોગોને પગલે વીટકોસની સેવા બંધ થઈ ગઈ હતી. ત્યારબાદ યોગી એજ્યુટ્રાન્સીટ પ્રા.લી. એ શહેરી બસ સેવાનો ફરીવાર પ્રારંભ કર્યો. શહેરી બસ સેવાની તમામ બસો નવી તેમજ સુસજજ સ્ટાફ સહિત સુચારુ સંચાલનને પગલે બસ સેવા અવિરત ચાલુ છે.શહેરી અને ગ્રામ્ય વિસ્તાર સહિત બસો દોડાદોડી કરી રહી છે. ત્યારે ઘ-૩ પાસે શહેરી બસ સેવાનું વડુ મથક આવેલું છે.ત્યાં મુસાફરો માટે કામ ચલાઉ પાણી તેમજ બેસવા માટે જગ્યા ઉભી કરાઈ છે. ત્યારે હવે એલ આકારમાં મુસાફરો માટે અધ્યતન બેઠક વ્યવસ્થા સાથેનું બસ સ્ટેન્ડ તૈયાર થઈ રહ્યું છે. જેમાં મુસાફરો માટે સુંદર બાંકડા, પંખા, વોટર કુલર, ટોઈલેટ તેમજ લાઈટ માટે હાઈમાસ્ક ટાવર પણ નાંખવામાં આવશે.ત્યારે હાલના સમયે શહેરી બસ સેવાનું સુંદર બસ સ્ટેન્ડ બનાવવાની કામગીરી તંત્રદ્વારા પુરજોશમાં ચાલી રહી છે જે આગામી ટુંક સમયમાં પુર્ણ થશે.

## અમદાવાદ વણકર સેવા સમાજ દ્વારા નવમો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૧૬
અમદાવાદ વણકર સેવા સમાજ દ્વારા આગામી તા.૨૦ મે ૨૦૧૮ને રવિવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે ડો. આંબેડકર મેમોરીયલ હોલ સરસપુર અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવેલ છે. ગાંધીનગરના લગ્ન ઈચ્છુક યુવક-યુવતિઓએ જીવનસાથી પસંદગી મેળામાં નિયત નમૂનામાં ફોર્મ ભરેલ હોય તેમણે સંસ્થાના ડી.એમ.પરમાર પ્લોટ નં-૫૪૦-૨ સે-૭ બી, મો. ૯૫૭૪૧૨૨૦૨૩ પર સંપર્ક કરીને નાણા ભર્યા અંગેની જરુરી પહોંચ મેળવી લેવાની રહેશે. જેને પગલે તા.૨૦ મે ના રોજ જીવનસાથી પસંદગીની બુક આપ મેળવી શકશો તેમ વણકર સેવાસમાજ દ્વારા જણાવાયું છે.

## હીરામણી સંસ્થા દ્વારા કેન્સરગ્રસ્ત દર્દીઓને સહાય કરાઈ

આજે જન સહાયક ટ્રસ્ટ, હિરામણી શિક્ષણ સંકુલ દ્વારા આયોજીત કેન્સરગ્રસ્ત દર્દીઓને આર્થિક સહાય માટેનો ચેક રૂ.૨,૪૪,૭૨૩ ડો.કિર્તીભાઈ પટેલ ચીફ એકઝકયુટીવ ડિરેકટર ગુજરાત કેન્સર સોસાયટીને સંસ્થાના પ્રમુખ નરહરી અમીનના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પ્રશાંતભાઈ કિનારીવાલા જનરલ સેક્રેટરી, ગુજરાત કેન્સર સોસાયટી ઉપસ્થિત રહ્યા હતા. હીરામણી શાળા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ અને વાલીઓના સહયોગથી ઉમદા કાર્ય માટે રકમ એકત્રિત કરવામાં આવેલ હતી. આજના દિવસે કેન્સર સોસાયટીને અર્પિત કરી કેન્સરગ્રસ્ત પીડીતોને સહાય રુપ થવાની સંસ્થાના પ્રમુખ નરહરી અમીનની દીર્ઘ દ્રષ્ટિ અને ભાવનાને અનુરુપ આ રકમ ભેટ આપેલ છે.

આ પ્રસંગે જન સહાયક ટ્રસ્ટના પ્રમુખ નરહરી અમીન, ઉપપ્રમુખ નીતાબેન અમીન, સેક્રેટરી રમેશભાઈ પટેલ, જોઈન્ટ સેક્રેટરી પંકજભાઈ દેસાઈ, ટ્રસ્ટી ચંદ્રકાંત મહેતા, સ્કુલ ડીરેકટર ડો.અંબુભાઈ પટેલ, સીઈઓ ભગવતભાઈ અમીન, એડમીનીટ્રેટર આશાબેન નાયક, શાળાના આચાર્યો, શિક્ષકો અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# ઈ-મેમો આવકારદાયક પરંતુ સામે યોગ્ય સુવિધા આપો

## તમામ પ્રકારના ટેક્ષ ભરીને પણ સવલતોનો અભાવ : રસ્તા, રખડતા ઢોર, પાર્કીંગ, ફુટપાથ, બગડેલા ટ્રાફિક સિગ્નલ વગેરેની સમસ્યાઓથી ઘેરાયેલા શહેરીજનો

ગાંધીનગર, તા.૧૬
ઈ-મેમો ચલણ શરૂ થતાં જ ટ્રાફીક અવેરનેશમાં સુધારો આવ્યો છે. રાજયના શહેરોમાં ઈ-મેમો થકી ટ્રાફીક નિયમના ભંગ બદલ વાહનચાલકોના ઘરે ઈ-મેમો પહોંચી જશે અને જે તે નિયમના ભંગ માટે દંડ ભરવો પડશે. સરકારની આ કાર્યપધ્ધતિને સર્વત્ર આવકાર મળ્યો છે પરંતુ સાથો સાથ સોશ્યલ મિડીયામાં યોગ્ય સુવિધા પુરી પાડવાની માંગ સાથે ઝુંબેશ શરુ થઈ છે. તમામ પ્રકારના ટેક્ષ નાગરિકો ભરે છે પરંતુ તંત્ર દ્વારા સવલતો આપવામાં કચાશ રખાય છે જે ખરેખર નાગરીકોને મળવાપાત્ર હોય છે. ઈ-મેમો ચલણથી ટ્રાફીક નિયમન તેમજ અકસ્માત નિવારણનો હેતુ સિધ્ધ કરવાનું સરકાર ઈચ્છી રહી છે.

સોશ્યલ મિડીયામાં હેલ્મેટ, સીટ બેલ્ટ, નો પાર્કીંગમાં વાહન, સ્ટોપલાઈનનો ભંગ, ડાર્ક ફિલ્મ, ફેન્સી નંબરપ્લેટ, વાહનમાં વધુ મુસાફરો, ભયજનક રીતે વાહન હંકારવા તેમજ ચાલુ વાહને ફોનના ઉપયોગ વગેરેથી હવે ઈ મેમો ઘરે આવી જશે તેવી ચેતવણી અપાય છે સાથો સાથ તંત્રને પણ યોગ્ય સુવિધા આપવાની અપીલ કરાઈ છે. રસ્તાઓના ખાડા દૂર કરો, રખડતા ઢોર દૂર કરો, ટ્રાફીક પોલીસનો પોઈન્ટ નક્કી કરો, પાર્કિંગના દબાણો દૂર કરો, ફુટપાથના યોગ્ય ઉપયોગની વ્યવસ્થા કરો, ખોટા સ્પીડ બ્રેકર દૂર કરો, બગડેલા સિગ્નલ ચાલુ કરો જેવી સવલતો તેમજ વાહન ચલાવતી વખતે પડતી અડચણોનું તંત્ર નિવારણ લાવે તે ટેક્ષ કે દંડ મેળવ્યા પહેલાની યોગ્ય કાર્યવાહી ગણાશે તેવું સોશ્યલ મિડીયામાં હાલ ચાલી રહ્યું છે.

સરકારની એસ.ટી. બસો તથા રેલ્વેમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરો લઈ જવાય છે છતાં કોઈ જ દંડનાત્મક કાર્યવાહી થતી નથી જયારે રીક્ષા, જીપ કે અન્ય ખાનગી વાહનોને ઝડપીને દંડ કરવામાં આવે છે. આમ સરકારની બેધારી નિતીનો પણ સોશ્યલ મિડીયામાં વિરોધ દર્શાવાઈ રહ્યો છે. તમામ પ્રકારના ટેક્ષ ભરીનો નાગરિકો અનો વાહનચાલકો સરકાર પત્યે શ્રેષ્ઠ સુવિધાની અપેક્ષા રાખે છે. સરકારની નૈતિક કે બંધારણીય જવાબદારી નક્કી કરો અને ટેક્ષ ઉઘરાવતા પહેલા નાગરિકોને સુવિધા પુરી પાડો પછી જ દંડનાત્મક કાર્યવાહીનો આગ્રહ રાખો તેવી અપીલ પણ સોશિયલ મિડીયામાં જોરશોરથી થઈ રહી છે.

## ચિરવિદાય

- સ્વ. કનૈયાલાલ પોપટલાલ શાહ, ઉ.વ. ૯૮
- સ્વ. મંગુબેન રાવજીભાઈ પટેલ, ઉ.વ. ૮૬
- સ્વ. પ્રજાપતિ ગંગાબેન ત્રિકમભાઈ, ઉ.વ. ૭૫